ક્રમાંક:જીઆઇડીસી/એએલટી/પોલીસી/
પોસ્ટ વિતરણ/પોલીસી/ ૦૧૬
જીઆઇડીસી,
વડી કચેરી, ગાંધીનગર.
તા. ૧૧/૦૬/૨૦૨૦

## // પરિપત્ર //

વિષય:- તા. ૩૧/૦૩/૨૦૨૨ સુધીમાં વપરાશ શરૂ કરનાર ફાળવણીદારોને વપરાશની સમય-મર્યાદામાં વધારો કરવા બાબત.

સંદર્ભ:-
૧. ગુજરાત સરકાર, નાણાં વિભાગના ઠરાવ ક્રમાંક:અપબ /૧૦૨૦૨૦/ ૧૦૮/ ૧૯૫૨૨૪/ક તા. ૦૫/૦૬/૨૦૨૦.
૨. નિગમના પરિપત્ર ક્રમાંક: જીઆઇડીસી/ ઓએન્ડએમ/ સીઆઇઆર/ પોસ્ટ વિતરણ / પોલીસી/ ૧૦૬, તા. ૨૧/૦૭/૨૦૧૭.
૩. નિગમના પરિપત્ર ક્રમાંક: જીઆઇડીસી/ ઓએન્ડએમ/ સીઆઇઆર/ વિતરણ / પોલીસી/ ૩૭, તા. ૨૮/૦૪/૨૦૧૬.
૪. નિગમના પરિપત્ર ક્રમાંક: જીઆઇડીસી/ ઓએન્ડએમ/ સીઆઇઆર/ વિતરણ / પોલીસી-૧(૮)૧૫, તા. ૩૦/૦૩/૨૦૧૦.

વૈશ્વિક મહામારી કોવિડ-૧૯ ને રાજયમાં વધુ ફેલાતી અટકાવવા માટે સમગ્ર રાજયમાં બે માસ લોકડાઉન કરવામાં આવેલ. જેને લીધે કોરોનાનો ફેલાવો અન્ય વિકસીત દેશની સરખામણીમાં ઘણો ઓછો થયો છે. પરંતુ લોકડાઉનના કારણે રાજયની અર્થ વ્યવસ્થા ઉપર વિતરીત અસર થયેલ છે. આવી વિકટ પરિસ્થિતિમાં પણ ગુજરાતની આર્થિક પ્રગતિનો વેગ ધીમો ન પડે અને રાજયના વિકાસની ગતિ જળવાઇ રહે તે માટે ગુજરાત સરકાર, નાણાં વિભાગ દ્વારા ઠરાવ ક્રમાંક: અપબ/ ૧૦૨૦૨૦/ ૧૦૮/૧૯૫૨૨૪/ક તા. ૦૫/૦૬/૨૦૨૦ થી કોવિડ-૧૯ મહામારીથી ઉદભવેલ પ્રતિકૂળ આર્થિક પરિસ્થિતિમાં રાજયના અર્થતંત્રને પુન: વેગવંતુ કરવા ગુજરાત આત્મનિર્ભર પેકેજ જાહેર કરવામાં આવેલ છે. જેના ગુજરાત રાજય ઔદ્યોગિક વિકાસ નિગમની વસાહતોમાં ઉદ્યોગોને આર્થિક પ્રોત્સાહન અને વહીવટી સરળતાના મુદ્દા નં. ૧૨ માં ઠરાવેલ છે કે, " હાલમાં જીઆઇડીસીમાં ૧૬૩૫ ઔદ્યોગિક પ્લોટનો મોરેટોરિયમ પીરીયડ પૂર્ણ થઇ થયેલ છે કે જે ખુલ્લા હોય અથવા ઉત્પાદન શરૂ કરવાનું બાકી છે તેવા ઉદ્યોગકારો ઉત્પાદન તા. ૩૧/૦૩/૨૦૨૨ સુધીમાં શરૂ કરે તે માટે ઉદ્યોગકારોને પ્રોત્સાહન આપવા વણવપરાશી દંડમાં માફીનો લાભ મેળવી શકે છે. જો ઉદ્યોગકાર તેમ કરવામાં નિષ્ફળ જાય છે તો તેવા સંજોગોમાં તમામ વણવપરાશી સમયગાળા માટે વણવપરાશી દંડ વસુલ લેવામાં આવશે." નિગમ દ્વારા ફાળવવામાં આવતી મિલકતોનો ઉપયોગ કરવા સારુ ચોકકસ સમય-મર્યાદા આપવામાં આવે છે. જો ફાળવણીદાર નિયત સમય-મર્યાદામાં મિલકતનો ઉપયોગ કરી શકેલ ન હોય તો ફાળવણી તારીખથી વધુમાં વધુ ૬ વર્ષ સુધી વપરાશની સમય-મર્યાદા વણવપરાશી દંડ વસુલ લઇ વધારી આપવામાં આવે છે. નાણાં વિભાગના સંદર્ભિત-૧ ઠરાવ અન્વયે, નિગમ દ્વારા ઠરાવ ક્રમાંક:૨૭

સરકયુલેટીંગ પસાર કરવામાં આવેલ છે. જે અંતર્ગત નીચે મુજબની જોગવાઇ અમલમાં મુકવામાં આવે છે.

(૧) સદર નીતિ ઔદ્યોગિક પ્રકારની મિલકતોના કિસ્સામાં લાગુ પડશે.

(૨) નિગમના તમામ બાકી લ્હેંણા વસુલ લેવાના રહેશે.

(૩) નિગમ દ્વારા ફાળવણીદારોને તા. ૩૧/૦૩/૨૦૨૨ સુધી વણવપરાશી દંડની રકમ વસુલ લીધા સિવાય ઉપયોગની સમય-મર્યાદા વધારી આપવામાં આવશે.

(૪) જે અંગે ફાળવણીદારે તા. ૨૪/૦૬/૨૦૨૦થી શરૂ કરી ૯૦ દિવસમાં અરજી કરી સમય-મર્યાદા વધારી આપવા અંગે ઓન-લાઇન અરજી કરવાની રહેશે.

(૫) જે સાથે ફાળવણીદારે નોટરાઇઝડ બાંહેધરીખત રજૂ કરવાનું રહેશે કે તેઓશ્રી દ્વારા સદર મિલકતનો નિગમના નીતિ નિયમ મુજબ વપરાશ તા. ૩૧/૦૩/૨૦૨૨ સુધીમાં કરવામાં આવશે અને જો તેઓશ્રી દ્વારા નિયત સમય-મર્યાદામાં મિલકતનો ઉપયોગ કરવામાં નહી આવે તો અગાઉના તમામ વણવપરાશી સમયગાળાની વણવપરાશી દંડની રકમ નિગમ દ્વારા વસુલવામાં આવશે તથા નિગમ દ્વારા જીપીપી એકટ હેઠળ આગળની કાર્યવાહી કરવામાં આવશે. સમય-મર્યાદા વધારી આપવાની સત્તા વિભાગીય પ્રબંધકશ્રી હસ્તક અથવા તો ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રી નિયત કરે તે મુજબ રહેશે.

(૬) નિયત વધારેલ સમય-મર્યાદામાં મિલકતનો વપરાશ શરુ કરવા બાબતે અરજદારે જરૂરી આધાર-પુરાવા / ફોટોગ્રાફ તથા સેલ્ફ ડીકલેરેશન ઓનલાઇન રજૂ કરવાના રહેશે. જે આધારે મિલકત વપરાશી હોવાનો આખરી હુકમ ઓનલાઇન સીસ્ટમ મારફતે કરવાનો રહેશે.

-સહી-
(એમ.થેન્નારસન)
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

બિડાણ:- બાહેંધરીખતનો નમૂનો.

પ્રતિ,
નિગમના તમામ અધિકારીશ્રીઓ.

નકલ જયભારત સહ રવાના:-

(૧) પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશન, અમદાવાદ... તરફ જાણ સારૂ.

(૨) પ્રમુખશ્રીઓ તમામ માન્ય ઔદ્યોગિક વસાહત મંડળો... તરફ જાણ સારૂ.

(૩) મેનેજરશ્રી (એસએન્ડએ), જીઆઇડીસી, ગાંધીનગર... તરફ નિગમની વેબસાઇટ ઉપર મૂકવા સારૂ.

રવાના કર્યુ,

મેનેજર (મહેકમ)

**૩૦૦/- રૂ.ના સ્ટેમ્પ પર**

# નોટરાઇઝડ બાહેંધરી ખત

............................ ઔદ્યોગિક વસાહત ખાતે આવેલ પ્લોટ / શેડ નં. ........... વિસ્તાર: ............ અમોને નિગમ દ્વારા તા. ........................... ના રોજ ફાળવણી કરવામાં આવેલ છે / તા. ................ ના રોજ તબદીલીથી મેળવેલ છે. પરંતુ સંજોગોવસાત અમો સદર પ્લોટ/શેડનો નિયત સમય-મર્યાદામાં વપરાશ કરી શકેલ નથી. અમો પ્લોટ / શેડનો વપરાશ કરવા ઇચ્છુક હોઇ, નિગમ દ્વારા જો પ્લોટ/શેડના વપરાશની સમય-મર્યાદા તા. ................... સુધી લંબાવી આપવામાં આવશે તો અમો આ નિયત સમય-મર્યાદામાં પ્લોટ/શેડનો નિગમના નીતિ નિયમ મુજબ વપરાશ કરીશું અને જો અમારા દ્વારા નિયત સમય-મર્યાદામાં મિલકતનો ઉપયોગ કરવામાં નહી આવે તો અગાઉના તમામ વણવપરાશી સયમગાળાની વણવપરાશી દંડની રકમ કે જે હાલ અમારા પાસેથી વસૂલ લેવામાં આવેલ નથી અને સમય-મર્યાદા વધારી આપવામાં આવેલ છે તે વણવપરાશી દંડ રકમ ભરવા માટે અમો સંમત છીએ અને જીઆઇડીસી દ્વારા જીપીપી એક્ટ હેઠળ આગળની કાર્યવાહી કરવામાં આવશે તો અમોને વાંધા સરખું નથી.

વધુમાં જીઆઇડીસી દ્વારા વધારી આપવામાં આવેલ સમય-મર્યાદામાં મિલકતનો વપરાશ કરી જરૂરી આધાર-પુરાવા / ફોટોગ્રાફસ તથા સેલ્ફ ડીકલેરેશન ઓનલાઇન રજૂ કરીશ અને મિલકત વપરાશી હોવાનો આખરી હુકમ જીઆઇડીસીની ઓનલાઇન સીસ્ટમ મારફત મેળવીશ.

ફાળવણીદારનું નામ:-

પ્લોટ નં:-

વસાહત:-

સહી :

<u>નોંધ</u>:-

(પ્રોપરાઇટર / ભાગીદારી પેઢીના કિસ્સામાં તમામ ભાગીદારોએ સહી કરવી જયારે કંપનીના કિસ્સામાં ઓથોરીટી લેટર રજૂ કરવાનો રહેશે તેમજ ઓથોરાઇઝડ સીગ્નેચરીએ સહી કરવાની રહેશે.)